પ્રવિણા વિલાસી.

દોહરો.

પહેલી બીજી પૂત ગઇ ત્રીજી થઇ તૈયાર
છોરો દુરગુણ દુષ્ટને સદ્ગુણ લ્યો હથીયાર.

રચી છપાવી પ્રગટ કરનાર
અંબાશંકર જેશંકર પંડયા.
માંડવીની પોળ—મુ. અમદાવાદ.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

આવૃત્તિ ૩ જી. પ્રત ૫૦૦૦.

અમદાવાદ—ખેગાસાને ચકલે શ્રી 'નટવર' પ્રીન્ટીંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ છાપ્યું.

મૂલ્ય ૧ આનો.

વિષયોની અનુક્રમણિકા.

વિષયોની અનુક્રમણિકા.



કળીકાળને હોટલનો

અભીલાખ.

(રાગ-શંકર વસે કૈલાસમાં.)

હાંલીમાં નથી ઘેંસ ઓરવારે, (પણ) પડયો ચાહનો સ્વાદરે. હાંલી૦
કલાકે કલાકે બીડિયોરે, ત્રણ કલાકે ચાહરે;
ખોખુ થયું ક્ષય રોગનું, કરી જીવતાં દાહરે. હાંલી૦
ત્રણ આનાની ચાહ બીડીયોરે, અરધા આનાનાં પાનરે;
ઘંટી ચાટે ઘરનાં છોકરાં, નથી ખાવાને ધાનરે. હાંલી૦
અત્તર ધુપેલ ને આરસીરે, માથે આંબળાનું તેલરે;
આગળ છોગુ પાડે પાંથીઓ, તન દારૂથી રંગ રેલરે. હાંલી૦
ખોખુ થયું ક્ષયરોગનુંરે, તેણે પહેર્યું ખમીસરે;
અકડ અસ્ત્રીબંધ લુગડાં, કહે વેલ વેલ ધીસરે. હાંલી૦
બુટ સ્ટોકીંગ ના ઉતરેરે, ફરે ઘરમાં કે બહારરે;
આડંબર ઈંગ્લીશ રીતનો, કરે બીસકુટ આહારરે. હાંલી૦
હોટલ તો હૈયાનો હાર છેરે, બીડી છાતીનું તેજરે;
ચાહ ચક્ષુનો બંધવો, હોટલ છે છેને છેજરે. હાંલી૦

સવૈયા બત્રીસા એકત્રીસા.

હે ગુજરાતી ગુર્જરમાંથી શૌર્ય ગયું છે શાનાથી,
દારૂએ તો દાટજ વાળ્યો બીડી બીડી ચહાનાથી;
દુધના કુચા પીને બેઠા પહેર્યાં ચશ્માં મળીયું માન,
માંખણમાં તો મીશ્રી પેઠું હૈયુ બળતું હીંદુસ્થાન. ૧
ધર્મ કર્મને બાદજ પડીઓ કરમે લગામ ઝાલી છે,
ધમકીથી તો ધર્મજ નાઠો હોટલ હૈયે વહાલી છે;
તાડી પીવા તત્પર થઈને મુક્યું સર્વ ભણેલું જ્ઞાન,
રસ્તા મહીં રડવડતા દીસે હૈયુ બળતું હીંદુસ્થાન. ૨
સોડાવોટર સારૂં લાગે લીમલેટમાં લાગ્યું છે ચીત્ત,
સવાર સાંજે શરબત ભાવે બીસકુટ આગળ અંધોભીંત,
આવી રીતી શીખ્યાં તેથી ભાવે નહીં કંઇ ઘરમાં ધાન,
લાલઘુમ આંખોથી મહેબુબ હૈયુ બળતું હીંદુસ્થાન. ૩
ચાહ બીડીમાં ઝાઝી પ્રીતી દુધ તણું લેતો નહીં નામ,
હોટલમાં હૈયુ હરખ્યું છે ગુર્જરનું તો પીને જામ;
શૌર્ય ગયું છે ગુર્જરનું તો બીડી ચાંહને માત્રે પાન,
દીસા બીજી સુઝે નહીં કંઇ હૈયુ બળતું હીંદુસ્થાન. ૪
જીંજીર ટૉનીક જોર કરીને જુવાન નરને ખેચે છે,
પીકમીઅપ પીવાને કાજે પૈસા પાકીટ વેચે છે;
લીથીયા મહીં લડબડીયાં ખાઇને લહેરી રહે છે ખુબ ગુલતાન,
રાસબરી રસવાળી લાગે હૈયુ બળતું હીંદુસ્થાન. ૫
ડાહ્યા ડયુકે થરસ્ટો કીધું કોલ્ડ ડ્રીંકસ માગે આવી,
આઇસક્રીમ આનંદે ભાવે લ્યોને દુધના કુચા ચાવી;

ઓછી રોજી આવા મોજી કેમ રહો છો હે હેવાન,
સર્ફ રળેલું ગયું હોટલે હૈયુ બળતુ હીંદુસ્થાન. ૬
આખો દીવસ રળીરળીને હોટલ કાજે કીધું દામ,
સદા સાટાં કરી કમાયા હોટલમાં લીધો આરામ;
બનાવટી બ્રાહ્મણના હાથે ભજીયાં ખાતા ભુલતા ભાન,
ખમણુ કચોરી ખુબ લઇ ખાતા હૈયુ બળતુ હીંદુસ્થાન. ૭
ડબલ સીંગલ કોકો કોફી ઓર્ડરથી આવી મળતી,
ટેબલ ઉપર ટોપી મેલી પીવા માંડે છે વળતી;
ટેબલ હેઠળ લાંબા ટાંગા પુંછ હલાવે જેવું શ્વાન,
હલાવતા પગ તેવી રીતે હૈયુ બળતું હીંદુસ્થાન. ૮
લાવ અલ્યા બીસકુટ ઓ બુડથલ પૈસા એક તણું મુજ માટ,
આધીન સેવક હાજર કરતા જોઇ રોફનો ખોટો દાઠ;
ચાહમાં બોળી બીસકુટ ચાવે શીખામણ ધરતા નહીં કાન,
એઠું જુઠું અળગું મુક્યું હૈયુ બળતું હીંદુસ્થાન. ૯
અરીસા અંદર આખા દાલના દેખાવો તેને દેખાય,
ચહા પીતાં ફાટેલું મોંઢું હેઠું તે દેખી હરખાય;
પરીક્ષા પટીયાંની કરવા બેઠો હોટલનો મેમાન,
વાંકું ચુકું ખસી ગયેલું હૈયુ બળતુ હીંદુસ્થાન. ૧૦
બુટ કાઢવાની છે બાધા રાખી છે ઇંગ્રેજી રીત,
હીંદુ થઇને થયો બમરચી રાખીને હોટલમાં ચીત્ત;
ભણ્યા ગણ્યામાં પૂરો પડીયો બોલીનો દીસે ગુણવાન,
અર્ધદગ્ધ સાહેબજી કહેતાં હૈયું બળતું હીંદુસ્થાન. ૧૧
ચહાને પીતાં મુછો બગડે રૂમાલ તેને લોવાનો,

બીસકુટનું બચકુ ખઇ ઉઠયા હાથ નથી કંઇ ધોવાનો;
રૂમાલ પાણી રૂમાલ લોટો લુવે રૂમાલે નાકને કાન,
બીસા અંદર બેઠે ઘાલે હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૨
બહુબંધોની ટોળી ઉંચ નીચ ગ્નાતીની ભેગી થાય,
એક ડુલે તો સઘળા ડુલે તેવી રીતે પાછળ જાય;
પાણી પીને પૈસા આપ્યા પણ ન રાખ્યું ચીત્તનું ભાન,
આવક કરતાં જાવક ઝાઝી હૈયુ બળતુ હીંદુસ્થાન. ૧૩
પરસેવો વાળીને પૈસો ભેગો કરતાં આવે જોર,
ખોટે રસ્તે તે નાણાને હાથે કરીને નાખે ઢોર;
ઘરની બૈરી ઘાંટા પાડે ઉછેદીયા નહી ઘરમાં ધાન,
વ્યસની તો વળગી રહે વ્યસને; હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૪
નવાં લુગડાં બાળક માટે લાવે પણ પાસે નહી દામ,
ઉધાર ઉછીનુ લાલી લાવી ચલવે એતો ઘરનું કામ:
મુદલનું તો વ્યાજ થયુ બહુ તોએ ફરી ગયું કયાં ભાંન,
હોટલ હેએથી નહી અળગી હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૫
ઘરની બૈરી ઘંટી ચાટે વેસ્યા પહેરે સારાં ચીર,
ખરા ગુરૂને ખાવાનું નહીં લુચ્ચા ખાતા પુરીયો ખીર;
જો કોઈ શીખામણની વાતો કહે તો તેનો લે એ જાન,
બુઢ્ઢા ગણીયા બેલ બરોબર હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૬
હે ગુજરાતી આ ગુર્જરનું નાણું સરવે મીથ્યા જાય,
ઉંધે રસ્તે નાણું નાખી અભાગીયા જન ખુસી થાય;
નાના બાળક ભણાવવામાં રાખે નહીં એ પોતે ભાન,
કરે બીજાને પોતા જેવા હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૭

ગઝલ

સુધારે તો થશે સારી, જગતની આ દસા બુરી;
કુધારે તો બગડવાની, બધી દુનિયાં સુરી પૂરી.
ઘણા વિદ્વાન વિદ્યાને, ભણેલા તે ગણે નહીં જો;
ઘણા હુંશીયાર હુશીયારી, મુકીને ચાલતા મહી જો.
ઘણા ધનવાન ધનનાથી, ધરમને તો મુક્યો આઘો,
ઘણા ડાહ્યા ડહાપણમાં, તમે સીદ ભાખને માગો.
અરે પે આર્ય ! શોખીલા, બીડી ચાહ પી થયા ઢીલા।
ગયું દૈવત હોટલે, ખરી હોટલની લીલા.
અરે ચશ્મા તમે પહેરી, ચતુરાઇ મુકી આવ્યા;
કીડી માંખો ને મકોડા, ચહા તેનો પીને આવ્યા.
બધો કચરો થયો ભેગો, પીનારો દેખતો નહીં જો;
વળી દુધો પીવા વાસી, ભમે છે ચીત્ત તો મહીં જો.
ઘણા પ્યાલા રકાબીમાં, પીનારા પી ગયા પાણી;
દીસે છે દેખીતી એઠી, તસે લ્યો શીદને તાણી.
અરે ગુર્જર તમે ઘેલા, થઇને ધર્મ ખોઓ છો;
બીજાએ રાખ ચોળી છે, તમે શીદ રાખ ચોળો છો
ઘણા પોરા મુવેલા તે કુચા ભેગા ગળ્યામાં છે;
ટીલુ તાણી પીધું પાણી ભગત તો મહીં ભળ્યામાં છે.
નહીં અફસોસ એંઠાનો તને કંઇ લાગતો દીસે;
કહેનારા કહી લ્યોને, પીનારા તો જરૂર પીશે.

હીંદુઓનો ખોટો ઠાઠ.

ઓછું ભણતર ખોટો ઠાઠ, તે દેખી થાતો ઉચાટ.
ઓછું નાણું ,, ,,
ઓછી બુદ્ધિ ,, ,,
ખીસાં ખાલી ,, ,,
ઓછી રોજી ,, ,,
વાદે વાદે ,, ,,
સંગે સંગે ,, ,,
રંગે રંગે ,, ,,
ચોરી કરીને ,, ,,
નહીં ઉદ્યમને ,, ,,
લાંબા જોડે ટુંકો જાય, મરે નહીં ને માંદો થાય;
સોબતનો લાગે છે રંગ, પાછળથી ઓછો ઉમંગ.
અછકલો ઝાઝો છલકાય, બીજાને દેખી મલકાય;
સીદને માથે ઘાલો ધૂળ, પ્રથમ જુઓ તમારૂં મૂળ.
ખાવા માંટે ઓછું ધાન, બીજાનું દેખીતે તાન;
બીજો ઘોડીનો છે સ્વાર, પોતાને ગદ્ધી તૈયાર.
હાથે મુખ બન્યો હેવાન, રળવાનું રાખોને ધ્યાન;
મળે એટલે બનતા મીર, નવ મળ્યું કે બને ફકીર.

રાગ—મોરમનો—મરસીયા છંદ.

હાયા હાયરે હોટલે હીંદુ વટાળીયા, હોટલે હીંદુ વટાળીયારે હાય૦
નાના મોટા સ્ટુડંટો ફટાડીયા—રે હાય૦
મા ને બાપો નીશાળે મૂકે, છાનો બીડી હોટલોમા ફુંકે;
આવો અવસર ભણ્યાનો ચુકેરે—હાય૦ ૧
મારે નીશાળમાં મહેતો, મોડું ખાવાનું થયું તું કહેતો;
માને બાપે મુકયો છે વહેતો—રે હાય૦ ૨
કરવા માંડી સ્ટુડંટોએ ચોરી, ઊંધે રસ્તે હોટલો. ગઈ દોરી.
દહાડે દહાડે વધી ભાઇની તોરી—રે હાય૦ ૩
મા ને બાપો જાણે ભઇ ભણે છે, ભાઇ હોટલોમાં ચા લણે છે.
એતો રજાના દીવસ ગણે છે—રે હાય૦ ૪
આપે ચોપડીઓને ફીનું નાણું, તેમાંથી ખાય હોટલમાં ખાણું;
પણ અંતે મા બાપે જાણ્યું—રે હાય૦ ૫
નથી લાવ્યો અલ્યા બુકો, મારવાને તો કીધો તાડુકો;
કહે ચાહ પીધી બીડીયો ફુકયો—રે હાય૦ ૬
હોટલ અંદરથી તો ન વીસારે, ગમે તેવું મહેતા તેને મારે;
વાડી બગીચે બેસવું ધારેરે—હાય૦ ૭
બાપ કરે પૈસાની ખુવારી, ભાઇને હોટલો લાગી છે સારી!
મહેતો થાકયો એને મારી મારીરે—હાય૦ ૮

(રાગ—શંકર વસે કૈલાસમાં.)

હોટલે પૈસા હડાવીયારે, કરી સૌને ગુલતાનરે. હોટલે૦
અભણ ભણ્યાના માલનેરે, કેવો ખોતરીને ખાયરે;
ભણેલાને ભરમાવીયા, પાઈ બીસકુટ ચાયરે. હોટલે

મોટા શાહુકારના છોકરાંરે, નથી નાણાંની બીકરે;
ટમ ટમે ચાહ કારણે, પડયાં ખેતરમાં તીડરે. હોટલે૦
ભજીયાં પુરી ને પાંદડાંરે. તેની લાગે મીઠ સરે;
કેમ સાહેબ કાંઇ જોઇએ ! આગળ ઉભા રહે દાસરે. હોટલે૦
દુધ પીવાનું કર્યું દૂર તેરે, ચાનો ચાખીને સ્વાદરે;
ઘરમાં નારીને ચા જોઇએ, લીધો સ્વામીનો વાદરે. હોટલે૦
ઘણી મુશીબતે મેળવ્યુંરે, પાઇ પાઇ કરી ધનરે;
ઘણો પરસેવો વાળીઓ, કર્યો શહેરો ને વનરે, હોટલે૦
ભંગીને ભાંગના ઘેનથારે, ઘણો વાધે આનંદરે;
અફીણ અફીણી ખાય છે, તેવો હોટલનો ફંદરે. હોટલે૦

હરીગીત છંદ ચાલ.

ગુજરાતની જે માતને જાણી તમે મુકી દીધી,
જે દુધથી દહીં ધી બને તે મુકી ચાહ બીડી પીધી;
શીખંડ બાસુદી અને માખણ ઘણું માવો બને,
બરફી બને પેંડા બને એ ચીજ ભાવે છે મને. ૧
જે દુધનો દુધપાક ને ધારી બને સારી ઘણી,
કઢી છાશથી પીવી ગમે હે વિશ્વના મોટા ધણી;
આવી રીતેના સુખને મુકી જવાનું હોટલે,
બીડીથી હૈયું બાળીને પૈસા ટકા ખુટે બલે. ૨
ચાને બીડીમાં ભાવ છે દુધ દહીં બીચારૂં શું કરે,
બીસકુટ ચાહની બહાર છે ત્યાં વેણુ કાને શું ધરે;

ઘરમાં બીચારો નાહીને ટાઢે મરે છે તરફડી,
તો દાળને ચોખા મળે રોટી મળે છે તે ઘડી. ૩
વળી વેદને વેદાંત વાંચી શાંત મનને ન કર્યું,
વાચ્યું રહ્યું છે પોથીમાં પણ હોટલે ઠેયું કર્યું. ૪

લલીત છંદ.

અરર હે પ્રભુ ! શું કર્યું તમે, પરમ દુઃખમાં ડુબીયા અમે;
ન્યાતીઓ ઘણી એકઠી થઈ, હોટલો મહીં હોટલો મહીં.
હોટલો તણા હે પ્રતિનીધિ, ચાહ મહીં તમે કામણો કીધી;
બ્રાહ્મણો અને વાણીયા તણી, કુંભાર ગાંયજા ન્યાતીયો ઘણી.
પટેલ શ્રાવકો સુતાર સોનીઓ, બધાએ એકધા ઊંચ છે કીધો;
એક પાટલી એક મેજમાં, ખાણું ખાય છે સહેજ સહેજમાં.
પાણીની પૂરી પતરવેલીયાં, વાસી જે હતાં તેને મેલીયાં.
ઘેર નાતમાં નાત બ્રાહ્મણો, હોટલો કરે અનર્થ તો ઘણો.
મુકટા અને જે પીતાંબરો, પહેરીને જતાં દૂર ક્યાં કરો;
એક ડોલમાં રકાબીઓ ઘણી, ધોઇ ધોઇને આપતો ધણી;
બ્રહ્મતત્વને બ્રાહ્મણે મૂક્યું, વીશ્નુતત્વને વાણીયે ચુક્યું;
ઘેર ખાવાને પૂરીયો તળી, કેમ હોટલો લાગી છે ગળી.
ડબલ દામને શીદને ખુવો, આંખ આપી છે જરા તમે જુઓ;
ધર્મ ભ્રષ્ટ તો હોટલે કર્યા, દામ સર્વ તો હોટલે હર્યા.
ઊંચ વર્ણમાં જન્મ આપીઓ, નીચ સોબતે શીદને પીઓ.

રાગ—મેમાન કરે મેમાની.

હોટલ હૈયાની નારી, મુકે કયમ તે વિસારી.
હોટલ તે હીંચકો ઘરનો, વળી પલંગ પ્યારા નરનો,
ચાની તો ત્યાં તૈયારી. હોટલ.
હોટલ છે ગુલાબ ફુલો, અંદર બેસીને ઝુલો,
વળી નાણાની ખુવારી. હોટલ.
હોટલનાં ખુરશી મેજો, શી આવે તેની લેજો,
બીસકુટ ચહા લાગે સારી. હોટલ.
હોટલમાં હૈયું હરખે ગોલો સોનાને પરખે,
બેસે ઉઘાડી બારી. હોટલ.
જેના પીતા ધનવાળા, તે દીકરા કરતા ચાળા,
જેમ ફરે ઘણી મંજારી. હોટલ.
આગળ ઉભા રહે દાસો, કેમ સાહેબ શું શું ખાશો,
જેવી ગુણકાની યારી. હોટલ.
સાહેબને માટે સોડા, પીવાના પહેરી જોડા,
સીદ ખુવો તમે ઘરબારી. હોટલ.
હોટલમાં હાજર ચીજો, પૈસા આપીને પીજો,
પીએ મોટા બ્રહ્મચારી. હોટલ.
હોટલ હૈયાનો હીરો, ઝડપે છે ઝાઝા વીરો,
જુગાર અને અહંકારી. હોટલ.
સમશાનેથી હોટલમાં, ચાહ પી લેવાનો પલમાં,
જુવે નહીં કાંઇ વીચારી. હોટલ.

(શંકર વસે કૈલાસમાં એ રાગ.)

પોતાને જોઇએ પાટલુનરે, વાસકોટ ઘડીયાળરે. પોતાને.
ક્ષઇના ખોખાપર જોઇએરે પહેરવાને ખમીસરે;
કુતરાની પેઠે કાંઠલો, ઉપર દેખાય શીષરે. પોતાને.
ઓટી દેખાય તેને પાઘડીરે, ટોપીમાં નહીં ભારરે;
સોટી તો હાથમાં જોઇએ, બબરચીના દેદારરે. પોતાને.
ચાલતે મારગે જોઇએરે, પીવા સારૂ ચીરૂટરે;
અક્કડ અસ્ત્રીબંધ લુગડાં, જોઇએ હોલબુટરે. પોતાને.

(રાગ—ઉપરનો.)

ભણ્યાનો માલ અભણુ ખાય.

અભણુને માટે એકઠુંરે, રળીને કીધું દામરે. અભણુ.
દરજી ધોબી ને ગાંયજારે, એને ચાલ્યો વહેપારરે;
વહાલી છે વોસીંગ કમ્પની, લુગડાની ધોનારરે. અભણુ.
સત્તર આનાનું લુંગડું રે, સીવ્યાના આના સોળરે;
સોનાનાં ચરમાં ચઢાવીયાં, એ છે કેવું બેડોળરે. અભણુ.
મુડે દાઢી ત્રણ દોઢીયેરે, ડોસી મુડયાનો એકરે;
ચાર જઇ ચહેરો કરામણી, વાળ કાપ્યાનો નેકરે. અભણુ.
અરધાજીએ ધુવે ધોબીઓરે, તેના આના છે ચારરે;
ખીસાં ખાલી કર્યાં ખંતથી, ખાલી ઉડાવી બહારરે. અભણુ.
ભણેલો પંદર પામતોરે, મળે અભણુને ત્રીશરે;
આવું દેખી ધણી વાપતી, મારા મનમાં રીશરે. અભણુ.

દેશી જોડા કર્યાં દૂરતેંરે, પહેરી સપાટ બુટરે;
લુગડાંમાં લલચાઇને, ઉભો પીએ ચીરૂટરે. અભણ.
કરમે કપાશીયાનું થયુંરે, ઘીને સાટે તો તેલરે;
મીઠાઇ ભેગું મેળવ્યું, આવે ખાંડમાં મેલરે. અભણ.
શોખીન સેપરેટ દુધનારે, થયો ઘીની મહીં ભેગરે;
તેજ ચક્ષુનું ચાલીયું, ચાલ્યો ચશ્માંનો વેગરે. અભણ.

(રાગ ઉપરનો.)

કળીજુગનું પ્રમાણ.

વાંકી પાંથી પાડી પ્રેમદારે, કળજુગનું પ્રમાણરે. વાંકી.
વાંકી આંખોને વાંકું હીંડવુંરે, વાંકુ બોલતાં ન વારરે;
વાંકે રસ્તે નાણું વેરવું, વાંકો સરવે સંસારરે. વાંકી.
વાંકી ચોળીને વાંકાં પોલકાંરે, વાંકી ઘાઘરાની ઘેરરે;
ગરબો વાંકો વળી ગાઇને, ગોળ વાંકનો છે ફેરરે. વાંકી.
સીધી પાંથી નથી શોભતીરે, વાંકી પાંથી શાબાશરે;
ધીક્કાર છે ધુપેલને, આંબળાની શી વાસરે. વાંકી.
વાંકી વાંકી ગમે કાંસકીરે, અંબોડામાં હરરોજરે;
ફેલો સપાટનો રોફ છે, વાંકું વઢવાની ખોજરે. વાંકી.
વાંકા વળી પાણી સીંચવુંરે, ઘણે થયું છે દૂરરે;
ઘંટી વાંકી વળી ખેંચવી, મજુરી ગઈ મજુરરે. વાંકી.
મોટા ચુડા નથી શોભતારે, નાની ચુડીની ચીપરે;
કાચ સોનાની બંગડી, દેખાય મારી સમીપરે. વાંકી.

અરધે માથે ઓઢવુંરે, એવા હજારો વાંકરે;
પ્રેમદાની બુદ્ધિ પાનીએ, અને ગણાતી રાંકરે. વાંકી.
વેશ્યાની ચાલે ચાલતીરે, વાંકી ચુંકી જે વાટરે;
જુનુ માર્યું જુના ઘાટને, કરાવી નવા ઘાટરે. વાંકી.

(રાગ ઉપરનો.)

જુના રીવાજ જડમૂળથીરે, નાંખ્યા ખોદીને દૂરરે. જુના.
નારીને જોઇએ પોલકુંરે, જોઇએ ઝીણું વખરે;
દીલ બધું દેખાય છે, જેમાં જાણાં સહુઅરે. જુના.
પોલકાંથી પોને પાતળીરે, મટી જાડી દેખાયરે;
દરજી મરજી સાચવી, પૈસા ફોલી ખાયરે. જુના.
જોઇએ ધોળા ધોળા ઘાઘરારે, હેઠળ ઝાઝી છે પ્લેટરે;
ધોબણનો વેશ ધરી લીધો, ડ્રેસ થયો ઓલરેટરે. જુના.
નાકે કાંટા નથી શોભતારે, ચુની ચતુર સુજાણરે;
ગયાં કલ્લાં ને કાંબીઓ, કળીજુગનું પ્રમાણરે. જુના.
દરરોજ દવાની બાટલીરે, અને ચાનો જે કપરે;
ક્ષયરોગ ખંતથી લાગીઓ, એનો બેઠો છે ચપરે. જુના.
ઉંડા કુવા ને લાંબા દોરડાંરે, કર્યા ચકલીએ ચુપરે;
બેઠે પાણી ઘેર આવતું, એવો ઈંગ્રેજ જુપરે. જુના.
રાંડીરાંડોના રેંટીયારે, ખુણે ઊધઇઓ ખાયરે;
ઘંટીના પથ્થર ફુટી ગયા, સંચે લોટ દળાયરે. જુના.
નારી ઉપર તમે નરહરીરે, કેવી કીધી છે મહેરરે;
તોએ કહે છે ઘણું કામ તો, પડયાં છે મારે ઘેરરે. જુના.

ચીનાઈ સાડી ને ઝીક ઓપતીરે, બાંટ ખુંણે સંતાયરે;
ખાતણુ બીચારા શું કરે, મુસ મસી ઘસાયરે. જુનાં.
ઘેર ઘેર ગ્યાસલેટ વાપર્યુંરે, લાગ્યું દીવેલને દુઃખરે;
બીબી જેવો ડેસ રાખતીરે, પણ કાળું છે મુખરે. જુના.
કાળી ગોળી બનવા જાય છેરે, કરી પાઉડરનો લેપરે;
આપુથી સાફસુફ રાખતી, પણ ફર્યો નહી મેપરે. જુના.

વાંઢાનો વિલાપ.

(આંખ વીના અંધારૂં રે—એ રાગ.)

નાર વીના ઘેર તાળુંરે, સદાય મારે નાર વીના ઘેર તાળું.
ભડકું લોટા હાથે, લાવું હું પાણી માથે;
મન બળે સ્રીઓને ભાળુંરે. સદાય.
સવારે હાથે રાંધું, ભાખરી સાંજે બાંધું,
મન બળે ને કરૂં વાળુંરે. સદાય.
પળે પળે પ્રેમદાને, ઘડી ઘડી પ્રેમદાને;
સંભાળી ખાટલો ઢાળુંરે. સદાય
ઘરમાં પલંગ ખાટો, ટેબલ ખુરશીને પાટો;
પાનાં વીનાનું જેમ ડાળુંરે. સદાય.
સ્વપ્નામાં પરણ્યો નારી, હોંસો પુરી થઇ મારી;
વીજળીનું એતો અજવાળુંરે. સદાય.

એકલા ઘરમાં રહેવું, સો દુઃખ મનમાં સેહેવું;
ધંટી વીનાનું જેમ થાળું રે. સદાય.
હે ઇશ આપો નારી, આશા પુરોને મારી;
નહીં તો હીમાળે હાડ ગાળું રે. સદાય.
ઢેડ ભંગીને નારી, ગુનેગારી શી મારી;
મનડાને મનમાં ઘણું બાળું રે. સદાય.
સોટી પણ કોને મારૂં, ઘરાણે કોને શણગારૂં;
સોનીનું ઘર મેં નથી ભાળ્યું રે. સદાય.
દાળ ચોખામાં ચેળો, વાંધાનો મોટો મેળો;
ચારણીએ લોટને ચાળું રે. સદાય.
ચન્યકાર સૃષ્ટિમાં, દેહ ડુબ્યો કસ્ટીમાં,
ઘરમાં નથી રંગીત સાળુ રે. સદાય.
સાળુની પહેનારી, આભુશણુની માગનારી;
મારા ઘરને કેમ ટાળ્યું રે. સદાય.
સાબુને અત્તર ચોળું, ગુલામજળ દીસે રોળું રે;
નારી વીના તો મુખ કાળું રે. સદાય.
વીચારની લાગી છે વ્યાધી, કામદેવે કેડ બાંધી;
શું કરૂં! નાણાને ઉછાળું રે. સદાય.

નાર વીનાનો નર.

(હાળ વીનાનો લાડુ-એ રાગ.)

ખીલો શોભે સાર વીના, જેમ ગધેડું ભાર વીના,
વહેપારી વહેપાર વીના તેવો નર તો નાર વીના.
ઉદ્ધારપણું ઉદ્ધાર વીના, જારી નર જેમ જાર વીના;
માટી જેવી ગાર વીના. તેવો.
બ્રહ્મચારી બ્રહ્મચાર વીના, અધીકારી અધીકાર વીના;
સંસાર શુન્ય પરીવાર વીના, તેવો.
જેમ ગુરૂજી હાર વીના, કરવું કામ વીચાર વીના;
જેવી યારી યાર વીના. તેવો.
પાઠ કરે પણ સાર વીના, બોલે પણ જે પાર વીના;
મોટું ઘર જે બાર વીના. તેવો.
ભેંસો ગાયો ચાર વીના, ઝાઝું ખાવું આહાર વીના;
લઢવું પણ તરવાર વીના. તેવો.
ઝાઝું લઢતું વહાર વીના, બહલાં કુત્તાં ખાર વીના;
જેમ પરણી આર વીના. તેવો.
ભીખારી દાતાર વીના, તરંગો ગુનેગાર વીના;
આબુષણ દેદાર વીના. તેવો.
સારૂ સુખ સંસાર વીના, જમતું પણ કંસાર વીના;
ઉપર ઘીની ધાર વીના. તેવો.
ભામની ભરથાર વીના, નદી ઘાટ પરથાર વીના;
ઊતરવું પેલે પાર વીના. તેવો.

ઘોડો પણ ઘોડાર વીના, રોવું પણ પોકાર વીના;
રળવું ધમ ધોકાર વીના. તેવો.
ભજન કરે કરતાલ વીના, લઢવું ગોળી બહાર વીના;
સોનુ પણ સોનાર વીના. તેવો.
કપડું પણ શીવનાર વીના, જેમ આયુષ્ય જીવનાર વીના;
ટાઢ પડે પણ ઠાર વીના. તેવો.
માટી પણ કુંભાર વીના, ગરીબ અન જુવાર વીના,
બળદ ભક્ષ ગવાર વીના. તેવો.
સુરજદેવ સવાર વીના, અહંકારી અહંકાર વીના;
ધનુષ્ય પણ ટંકાર વીના. તેવો.

(સેહેજાનંદ હરી-એ રાગ.)

જીવડો જાએ બળી, નારી વીણુ જીવડો જાએ બળી;
તોએ નારી ન મુજને મળી. નારી વીણુ
પશુપક્ષીથી નરનારીની જોડી, દેખી જઉ કળકળી;
સનું ઘર મારૂં દીસે હમેશાં, જેમ નેત્ર વીના વળી. નારી.
ઘડપણમાં નારી જુવાન પરણ્યો, તોએ નારી બળી;
જોસ જુવાનીમાં ઝુરી ગયું, પછી શા કામની એ નળી. નારી.
ભાખરી કાચી પાકી બનાવું, હાથે લોટ દળી;
ભજીયાં ઉનાં મને કોણ ખવરાવે, કોણ આપે પૂરી તળી. નારી.
હોટલમાં ચહાને બીડીઓ પીને, છાતી તો ગઇ બળી;
અડધું દીલ મહારૂં રહે છે હમેશાં, ના મળી પુતળી. નારી.

જન્મ ધરીને સંસારમાં શું શોધ્યું ?

લેખકઃ—દલપતરામ ગૌરીશંકર નવલખા—જામનગર.

રાગ—માલ કોષ.

શું સાર શોધ્યો અવતરી, જો ચાર સાધન ના સર્યા,
ધન ધાનને દોલત ખજાના, ભૂમિમાં રહેશે ભર્યા. શું સાર.
ધોળાં થયાં કાળાં ગયાં, પણ કૃત્ય કાળાં રહી ગયાં;
ધોળે પડી એ ધુળ ધોળી, કીર્તિ કામ નહિ કર્યા. શું સાર.
દાઢા ઠર્યા ડહાપણ ભર્યા, વળી દંડ કર માંહે ધર્યા.
એ કાર્ય વ્યર્થ કર્યા કમંડલ, ડંડ કરમાં લેઇ ફર્યા; શું સાર.
હાડ ચામેથી મઢેલાં, મેલ મૂત્રથી ભરેલાં;
હાંડલાં ન કર્યા કર્યા જો, ધર્મ ધોરણ પરહર્યા. શું સાર.
પાવલાં પગમાં ધર્યાં, પરિધાન પિતાંબર ધર્યા;
એ પાવલાં ન ધર્યાં ધર્યાં જો, જ્ઞાન પાન પરાં રહ્યાં. શું સાર.
નિજ ગેહમાં દિપક કર્યું, ઘનઘોર અંધારાં ટળ્યાં;
ઘનઘોર એ ન ટળ્યાં ટળ્યાં જો, દેહ અંધારા રહ્યાં. શું સાર.
બહુ ખર્ચ કરીને સચર્યા, દેશાટને ભૂમિ ફર્યા;
ભૂમિ એ ન ફર્યા ફર્યા જો, બ્રહ્મભૂમિ નાં ફર્યા. શું સાર.
બાગ ઉદ્યાને ગયા, મિષ્ટાન ભોજનને ગળ્યાં;
એ ભોજનો ન ગળ્યાં ગળ્યાં જો, ગર્વ તંતુનાં ગળ્યાં. શું સાર.
કાઠ માટેથી ફર્યા, મુખ આરસી જોઇ રહ્યા;
મુખ જોઇને ન રહ્યા રહ્યા જો, દયા દાન ગયાં ગયાં. શું સાર.
તામ્બુલો મુખમાં ધર્યા કાથે અને ચૂને કર્યા;
એ પાન રહેશે સૌ પડયાં, હીરાકણીથી ભર્યા. શું સાર.

અભીમાની અમલદાર અગર શેઠ.

રાગ ગઝલ કવાલીની ચાલ.

બળી આ નોકરી કરવી, અમલદારો થયા ગરવી. બ૦
સારો સસરો કહીને ભાંડે, ગાળો દે નરવી. બ૦
ખરા કામે રાખે રોફી, આંખો નીરે ભરવી. બ૦
લઠી લખીને લમણાં દુઃખે, માથે સુકો ભરવી. બ૦
બીના કામે વીના સ્વાર્થે, બેસાડનો ગરવી. બ૦
ખરૂ કહેતા પડે ખોટું, સરીતા થી રીતે તરવી. બ૦
સારો ઉધ્યત એથી બીજો, વહેપારી દુકાનો કરવી. બ૦
ટુંકારાથી તન બળે છે, બળી આ હોજરી ભરવી. બ૦
પોતે મોટા સુખમાં મહાલે, બીજાપર ક્રુરતા કરવી. બ૦
સ્વતંત્ર મુકયા હરીએ હમને, પરતંત્રતા કરવી. બ૦
વહોરા લોકો વહેપારી છે, સાબુને દીવાસળી કરવી. બ૦
કાચ લોઢુ ને કરીઆણુ, તુચ્છ નોકરી મળવી. બ૦
ચોર ચોરે મને ઠપકો, માંથા વરી હળવી. બ૦
ગુલામ તો સરકારે કાઢયા, ગુલામગીરી કરવી. બ૦
બીજો મારગ સુઝે નહિ કંઇ, તેથી દુષ્ટ નોકરી કરવી. બ૦
શેઠીયા જો મળે સારા, તો તો બધી જીંદગી હળવી. બ૦

સારા શેઠો હરામી નોકરો.

(રાગ—ઉપરનો.)

હરામી નોકરો ભાળી, નાંખું હું જીંદગી બાળી. ટે૦
ચોરીમાં ચોગડદમ પુરા, છુપાતા મુજને ભાળી. ટે૦
દગલબાજને જુઠા બોલી, અંતરે દાનતો કાળી. ટે૦
પ્રપંચી તો પુરેપુરા હાથોહાથ આપતા તાળી. ટે૦
એક બદલી બીજો રાખું, તોએ મેં શાન્તિ ના વાળી. ટે૦
મહારૂ ખઇને ખોદે મહારૂ, જોઉં હું તે નીહાળી. ટે૦
હલાલ કરવું આધુ મુકી હટખાતો હરામનું ભાળી. ટે૦

નવા સુધારાની નરનારી.

રાગ સવૈયા એકત્રીસા બત્રીસા.

દેખાદેખી શીખ્યા ખોટું, સારી ટેવો કાઢીને,
બાપાને કહે ઢેમ કુલ્યુ ગાળો દે છે માંડીને;
વ્યસન અંદર ભાન નહીને, આંખો તો રહે છે રાતી,
ગાડરીયા પરભાની પેઠે, કેમ બુડો છો ગુજરાતી. ૧
બ્રાહ્મણ થઈ રૂદ્રાક્ષો મુકી, ગાયત્રી ગંગાને તીર,
પુત્રી સાટે પીતા પરણે, બેનને સાટે પરણે વીર;
ચાંમ બગડે ચંદન ચરચે, જાતી કેવી પંકાતી. ગા. ૨
નહાવાથી તો ટાઢ વહાય છે. જનોઇ જેમ ફાંસીનો દોર,
સારો મેવો ખાવો મુકી, હાથે ખાતો ખાટાં બોર;
હરામ ચસકો ભઇને પડીયો, બઇ બજારે ટીચાતી. ગા. ૩

પાછળ શીખા બદલે આગમ, વાંકાં તો લટીઆં લબડે,
તેલ અત્તરથી પાંથી પાડે બીજા તો છોને લબડે;
બૈરીનો પણ ટેસ વધ્યો છે નહી ચરબી દીલમાં માતી. ગા. ૪
કેમ અલી હું કેવી દેખઉ, મનમાં એવી મગરૂબી,
નવા ડ્રેસમાં નીતનીત ફરતી, કેવી કળીજુગની ખુબી;
ઝીંણા લુગડે ઝાઝુ દીલને, ઊઘાડી રહે છે છાતી. ગા. ૫
જાણે હુંતો મડમ બની જઉ, નહીં ગુજરાતીની બેટી,
બળ ગાંસડી બહુ લુગડાંની, રાખે ટંક ડબો પેટી;
ચાહ બીસકુટને ભજીયાં એતો, ઉઘાડે છોગે ખાતી. ગા. ૬
કુણી સુધીની ગઇ કાંચળી, ખભા સુધીની થઇ ચોળી,
નાણાવાળી અને ગરીબની, ભેગી થઇ સઘળી ટોળી;
અલી બેન હુએ પણ આવું લાવવાને ઝાઝુ ચઢાતી. ગા. ૭
ઘરમાં ખાવાનું છે કે નહીં, તેની પણ કંઇ નહીં બીતી,
નવા ડ્રેસને નવા નમુના, માટે નહીં ખાતી પીતી;
ઘરડા માત પીતાને આ દેખીને તો ચીંતા થાતી. ગા. ૮
દીકરીનાં પણ નાણાં લેવાં, તેવું નરનારી ચડાતાં,
બહુ સુધરીને આવું શીખ્યાં, પાછળથી બહુ પસ્તાતાં;
વીસટા જેવું ધન દીકરીનું, ધન લેનારાની છાતી. ગા. ૯
લાજમલાઝો આઘો મુકયો, અરધે માંથે ઓઢીને,
કુધારાનો શોખજ લાગ્યો, જુના રીવાજ છોડીને;
શાણીનો સુધારો દેખી, સાસુ ઘરમાં અકળાતી. ગા. ૧૦
શેર ભાતને શેર રોટલી, સાત જણાં ખાઇને રહેતાં,
ચાહ પીધાથી ભુખ મરી ગઇ, લાજ આવે છે બહુ કહેતાં;
પછી દવા શીદ ડાકટરોની, હોંસે પીતીને પાતી. ગા. ૧૧

જરી ચાલતાં ચરણ દુખે છે, એવી આવી છે નબળાઇ,
ઘી સાકરને દુધ વીના તો, દીલની લાલી સઘળી ગઇ;
શોર્ટ સાઇડથી ચસમાં આવ્યાં આંખોની કીકી જાતી. ગા. ૧૨

અરે બધુંઓ હાથે કરીને, ગુર્જરનું કાઢો નખોદ,
તનદુરસ્તી સારી રહેવા, માટે કરોને સારી શોધ:
મોઢે મીઠું બોલો છો પણ મનમાં છે મોટી કાતી. ગા. ૧૩

કજોડા વીશે.

(મોટી નારીના ધણીનો વીલાપ.)

બનજારો છંદ.

તુંતો સાંભળ મીત્રજ મ્હારા, મારા છુટી પડયા જનમારા;
નાનપણમાં પરણાવ્યો તાતે, ના જાણું પરણ્યાની વાતેરે;
માંથે મેલ્યા બહુ મણુના ભારા. મારા છુટી.

મને વર્ષ થયાં છે બાર, નારીની ઉમ્મર અઢારરે;
બળ્યા બળ્યા હીંદુના ધારા. મારા છુટી.

મારી નારીનો ભભકો ભાળી, થાય લોકોની દાનત કાળીરે;
નાખે કાકરા રસ્તે જનારા. મારા છુટી.

ભાઇબંધો ખુબ હસે છે, મને નાનો નાનો સઉ કહે છેરે;
મોત બોલો જગત કરનારા. મારા છુટી.
સારાં સારાં ઔષધો હું ખાઉં, જાણે એનાથી ઉંચો દેખાઉંરે;
પણ નથી આવતા વારા. મારા છુટી.

મારા ભણતરમાં ભુલ નાખી, મધપુડે બાઝી જેમ માખીરે:
આવા લેખ વીધાત્રા તારા. મારા છુટી.
થઇ જોબનવંતી નારી, બાળ દશા દીસે છે મારીરે;
આના કરતાં સારા કુંવારા. મારા છુટી.

બાઇ ભુગોળવિદ્યા વાંચે, ભાઇ ચૂલામાં અગ્નિ શાંચેરે;
ઉલટું કુદરતું બાઇ ભણનારા. મારા છુટી.

નાના ધણીની નારનો વીલાપ.

(ચાબખો.)

જીવતર ગયું મારૂં બગડીરે, હૈએ આવી આતો સધડી.
સ્વામી મારાને ધીમે બોલાવું, લેવાને મારી પાસ;
એકવેંત નીચો મારાથી એતો, શું કર્યું તેં અવિનાશરે. જીવતર.
બાળપણમાં નાનો સ્વામી, પરણાવ્યો મુજ સાથ;
સ્વામી નાનો ને બૈરી મોટી, મીલાવી દીધો હાથરે. જીવતર.
સઘળી સાહેલી સ્વામીની સાથે, ઉડાવે લીલા લહેર;
મારા ધણી તો સંસારી રીતની, જાણે નહિ કંઈ પેરરે. જીવતર.
બીજા માણસો કરે ઇશારા, કાંકરા નાંખવા જાયરે;
સંસારી સુખ મેં દીઠું નથી મારા પેટમાં લાગે લહાયરે. જીવતર.
ધણી મારાને ઘણો સમજાવું, પણ એ નાનું બાળ;
સાચવી રહીને શીખામણ દઊં તો ઉલટી દેછે ગાળરે. જીવતર.
નાના ધણીને જોઇને સૌ લોક હસતા રહે દીનરાત;
સાહેલી મારી કરે છે ઠેકડી, જાણે કરૂં આપઘાતરે. જીવતર.
શરમાઇને હુંતો ભોંયમાં પેસું, ભુમી દેતી નથી માગ;
કામ જોબનમાં વ્યાપી રહયો છે, લાગે છે દીલમાં આગરે. જીવતર.
ગળથુથીમાં વીખ ના દીધું, એવાં વેરી માબાપ;
ઘર જોયું પણ વર ના જોયો, વાગી જગતમાં છાપરે. જીવતર.
ઉંચી એડીના જોડા પહેરીને, જાણે હું ઊંચો થાઊં;
મારી આગળ તો રોફ બતાવે, મનમાં બળી બળી જાઊં. જીવતર.

જગતના વેષધારી બાવાઓ.

(મરસીયા છંદ.)

ભાઇ જોજો ઢોંગી જગતના બાવા, ઢોંગી જગતના બાવા;
લેવા માંડયા સંસારના લહાવારે. ભાઇ.
માતા પીતા જેણે દીધાં છોડી, ઇશ્વર ભક્તિમાં મન દીધું જોડી;
પણ તેમાં કસર રહી થોડીરે. ભાઇ.
થયાં ભગવાં વસ્ત્ર પહેરી બાવા, લીધો તંબુરો ભજન ગાવા;
લાગ્યા રૂપૈયા તનથી કમાવારે. ભાઇ.
થયા ભગવાં વસ્ત્રે બ્રહ્મચારી, કાઢી લાવ્યા ગૃહસ્થ કેરી નારી;
તેવા નરો રહ્યા ફાંફાં મારીરે. ભાઇ.
ચાર નારી બાવાને નવરાવે, ત્રણ નારી બાવાને ખવરાવે;
પાન સોપારી રસ પીવરાવેરે. ભાઇ.
પગ ચંપી બાવાની કરે પ્રીતે, નામ ભગવાનનું મુકયું ભીંતે;
ખોટા કામો કરે બીતે બીતેરે. ભાઇ.
જુઓ જુઓ કળીના બાવા, લોકો આપે છે સારૂં સારૂં ખાવા;
શીદ પૂજો છો ઢોંગી આવારે. ભાઇ.
પોતે ડુબી બીજાને ડૂબાડો, આવી ખુબી બીજાને લગાડો;
શીદ સતી સ્ત્રીઓને બગાડોરે. ભાઇ.
નારી નરની ન રાખે માઝા, કરતી સ્વામીને હુંકારા ઝાઝા;
ખવરાવી રાખે બાવા તાજારે, ભાઇ.
વીસ ચાલી વર્ષોની ઘણી નારી, કોઇ સારી ને કોઈ નઠારી;
હરનીશ સેવે જાય બ્રહ્મચારીરે. ભાઇ.

આર્યબંધુઓને શીખામણ.

(હરી ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય છે-એ રાગ.)

દેશી મીત્રો સમજી રહો તો, સુખડાં હરનીશ થાશે;
નહીં સમજો તો ઢોંગી બાવા, સ્ત્રીઓ હરી લઇ જાશે. દેશી.

સ્વામીની સેવા નીત્ય કરવી, શીખામણ તેની ઉર ધરવી;
એમ ના ચાલે નારી ગરવી, દેશી.

સ્વામી છે જે ઘરના દેવા, માબાપે આપ્યા જે મેવા;
તેને તારે શું મુકી દેવા. દેશી.

સ્વામીની સાથે લડી બાઝી, બાવાને દેખી થતી રાજી;
હું પાએ નમું બાવાજી. દેશી.

બસ હું તો ભજનમાં જાવાની, સેવા કરવાને બાવાની:
નહી રાંધુ અને નથી ખાવાની. દેશી.

મહારે તો થઈ છે કથા વેળા, ખાવાં હોય તો ખાજો કેળાં;
નહિ તો સાંજે થઇશું ભેળાં. દેશી.

આવી લત લાગી બાવાની, તારી પુછે ખબર નહિ ખાવાની;
નારી એ નીશ્ચે જવાની. દેશી.

બાવાની થઇ એતો બાવી, ઘરમાંથી ધન ચોરી લાવી;
દેશી બંધુની દશા આવી. દેશી.

માબાપે આપ્યો જે સ્વામી. તેને લાગે તુ નકામી;
ઉલટી થાએ તેના સામી. દેશી.

બાવાની દેખીને દાઢી, લલચાઇ ગઇ મોટી લાડી;
બાવો કહે છે માડી માડી. દેશી.

દોહરો.

બાવાની બાવી થઇ, મુકી નીજ ભરથાર;
નાચું પશુ લેતી ગઇ, છોડયાં ઘરને બાર.

રાંડેલી ઢોંગી ભક્તાણિ.

(રંડાપા ભેગો મંડાપો ને વાડા ભેગા નાડા.)

(રાગ-રામા રામા બોલો મારા ભાઇરે.)

જુઓ જુઓ ભક્તાણી જપે માળારે, જપે માળારે
એના ચાળારે. જુવો.

હાથે માળા, ફરે આંખે ઇસારા કરે, ચીતે ઇસકના
ઊછાળારે. જુઓ.

પાતરની ચાલે ચાલે, આડી ને અવળી મહાલે, આવું આવું
દેખી થાય જવાળારે. જુઓ.

જગમાં રંડાઇને, મનથી મંડાઇને, અન્તરે હોળ્યા,
નિમાળારે. જુઓ.

બેઠી સપાટ પગે, પાટલી ભોંય લગે, પોલકાં શોભે
રૂપાળાંરે. જુઓ.

આંખે તો સુરમા આંજે, સાબુથી મુખ માંજે, જુઓ જુઓ
ભક્તિવાળાંરે. જુઓ.

ગંગાએ નાહી ધોઇ, ખસો અડશો ન કોઇ, રસ્તે રખડતા
ચાર ભાળ્યારે. જુઓ.

સાને સમજાવવા, એવી એ ડાહી, ગંગાએ નાહી ધોઇ
બાળારે. જુઓ.

રાંધીશું રાતે ખાઇશું ખાંતે, અત્યારે ઘેર જાઓ ચાલ્યારે,
જુઓ.

ઘેર આવીને બેઠી, તરત સેવામાં પેઠી, દેવ નવરાવી લીધી
માળારે. જુઓ.

આવે પાડાશી બાળ, મોઢેથા દેતી ગાળ, કેમ અડયું મને
સાગ્રારે. જુઓ.
ફરેલી માળા જાશે, ફરીથી નાવું થાશે, મરજો જાણનારી
તમ બાળારે. જુઓ.
ફરીથી નાહીને, માળાને લઇને, મનમાં ગહેલા રૂપાળારે.
જુઓ.
આંખેને કાંને ટીલાં, ગોપીચંદનના પીલાં. ભેંસ ભડકે તેવાં
ભાળ્યાંરે. જુઓ.
દાળ ઓઢીને ચાલી, હાથે કોથળી ઝાલી, દરશને ચાલ્યાં
રૂપાળાંરે. જુઓ.
આવાં દરશનમાં ભળે, પ્રભુ ક્યાંથી તો મળે, મનડાં છે
જેના કાળાંરે. જુઓ.
જમી પરવારી, નવરી થઇ નારી, જઇને જોગીને નિહાળ્યારે.
જુઓ.
થાળ જમાડી કરી, વાયુ ઉરાડે ફરી, પગ ચાંપતાં કરે
ચાળારે. જુઓ.
બાવાએ બાળા ભાળી, દાંનત કીધી કાળી, મત ગભરાઇઓ
બાળારે. જુઓ.
બાવાને લીધા નવાવા, પહેલું આપીને ખાવા, કર્મ કરે છે
જુઓ કાળાંરે. જુઓ.
સાંજ પડી છે ખરી, પાછી ત્યાંથી તો ફરી, વહાણુંના
વાયદા સંભાળ્યારે. જુઓ.
પરમેશ્વર ભજવા મુકી, મનુષ્યા જનમે તું ચુકી, ધીક છે
વાયદાવાળારે. જુઓ.
પુર્વના પાપે રંડા, આ જનમે આવાં મંડયા, લક્ષચોરાશી
જન્મ ગાળ્યારે. જુઓ.

કચારી મળને મુતરની, મનુષ્ય જનમના:દરની, ચુકવ
દીન દયાળારે, જુઓ.

રાગ—મોરમ.

હાય હાયરે રાંડેલીના શા બળાપા, રાંડેલીના શા બળાપા;
ત્રુટી પડીયા સીંધુ મહીં ત્રાપાર. હાય.
બાળપણુમાં રાંડેલી છે બાળા, અંતર કામાગ્ની અગનીની જવાળા;
તેને જપવી ગમે કેમ માળારે. હાય.
જુના જુના હીંદુના રીવાજો, રંડા ગર્ભો પાડે તમે લાજો;
આના કરતાં પરણાવાને બાજોરે. હાય.
ગર્ભો પાડી પાડી દેહને ગાળે, માતપીતા અંતર તેને બાળે;
મરે ત્યારે તે નીરાંત વાળેરે. હાય.
આથી પુનરલગ્ન શું ખોટું, ગર્ભ અંદર બાળક મરે છોટુ;
એથી બીજું શું છે દુષ્ટ મોટુરે. હાય.
આવી ઘણી બાળાઓ રાંડેલી, એતો અંતરથી રહે છે માંડેલી:
કેવી હીંદુ મીરીયાદાની ડેલીરે. હાય.
હીંદુશાસ્ત્રો કરનારા ક્યાં સુતા, વગગાડી ખોટાં ખોટાં જુતાં;
આખો જનમારો મરાવો જુતાંરે. હાય.
કંધક જાએ બીજા જન લઇ નાસી, કઇની સુવાવડો થાય કાસી;
કળીકાળે તો ઘાલી છે ફાંસીરે. હાય.
આવી બાળાઓના આ બળાપા શાસ્ત્રકારો ઉઘાડોને ઝાંપા;
પગ સોરઠ ગયા વાગી ખાંપારે. હાય.
જોશી મહુરત કેવું જોવા માંડે, પરણ્યા પછી બારે મહીને રાંડે;
પોક મારો એ જોશીની ગાંડેરે. હાય.

સમાપ્ત.

ॐ

મહાત્મા શ્રીમન્નથુરામ શર્માના ઉદાર આશ્રય તળે પ્રગટ થતું

બ્રહ્મનાદ.

સસ્તામાં સસ્તુ અને ધર્મના, નીતિના તથા શુદ્ધ વ્યવહારના વિષયોને પ્રતિપાદન કરતું. પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્મા, શીઘ્ર કવિ સાક્ષરોત્તમ નગીનદાસ પુરૂષોત્તમ નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી તથા અન્ય વિદ્વાનોની અનુભવી કલમથી લખાતું આ સર્વોત્તમ માસિક છે. વાર્ષિક મૂલ્ય ટપાલ ખર્ચ સાથે ફક્ત રૂ. ૧–૮–૦ છે. આ માસિકનું ૭ મું વષ સંવત ૧૯૭૨ ના જેઠ માસથી શરૂ થાય છે. બ્રહ્મનાદના ગ્રાહકોને ૭ મા વર્ષથી રૂ. ૧–૨–૦ ની કીંમતનાં ૪૦૦ પૃષ્ઠનાં ત્રણ દળદાર પુસ્તકો ભેટ તરીકે આપવામાં આવશે, ભેટના, પોસ્ટેજના રૂ. ૦–૨–૦ વધુ સમજવા. આ સિવાય બ્રહ્મનાદના ગ્રાહકોને નીચેનાં પુસ્તકો ટપાલ ખર્ચ લીધા સિવાય ફક્ત રૂ. ૦–૬–૦ માં આપવામાં આવે છે.

૧ સાસરે જતી પુત્રીને પિતાનો પ્રબોધ (નિર્મળા નામે સતીનું અદ્દભુત ચારત્ર) મૂલ્ય ૦–૫–૦

૨ બ્રહ્મચર્યવ્રતનં ૌર્લભ્ય (લાલદાસ સાધુનું પેટ પકડીને હસાવે એવું હાસ્યરસથા ભરપૂર ચરિત્ર) મુલ્ય રૂ. ૦–૪–૦

૩ આચાર વિનાતો વિચાર તથા વિવેક વિનાની વિદ્યા (વિદ્યાધર તથા ગદાધરનાં રમુજી દૃષ્ટાંતો) રૂ. ૦–૨–૬

રૂ. ૧૫—૦—૦ સુધીના પગારદાર માસ્તરો, સ્ત્રીઓ, તથા લાયબ્રેરીઓ માટે બ્રહ્મનાદ માસિક ટપાલ ખચ સાથે તેમજ ભેટનાં પુસ્તકો સાથે ફક્ત રૂ. ૧—૬—૦ માં મળશે. જલદીથી ગ્રાહક થાઓ અને નામ નોંધાવો.

સનાતન ધર્મની ગર્જનાઓ.

સનાતન ધર્મ સંબંધી તમારે જુદા જુદા વિષયો ઉપર જ્ઞા મેળવવું હોય અને આખો દિવસ આનંદમાં રહેવું હોય તો ટપા ખર્ચ અને વિ૦ પિ૦ ના ફક્ત રૂ. ૦—૯—૦ ખરચીને ગર્જનાઓ અવશ્ય ગ્રાહક થાઓ. એક વર્ષમાં ૪૦૦ પૃષ્ઠનાં ત્રણ દળદાર પુસ્ત મળશે. ગર્જનાના ગ્રાહક નહીં થનાર પાસેથી દરેક પુસ્તકના ૦—૬૦૦ ગણતાં ત્રણેના રૂ. ૧-૨—૦ લેવામાં આવે છે, પરંતુ ગ્રા તરીકે નામ નોંધાવનારને ફક્ત રૂ. ૦—૯—૦માં ગર્જનાનાં ત્રણે પુસ્ત મળે છે.

રૂદ્રાક્ષની સાચી માળાઓ. રૂ. ૧૦—૦—૦ ઇનામ.

રૂ. ૦—૩—૦ની કીંમતથી રૂ. ૧૫—૦—૦ સુધીની રૂદ્રાક્ષની માળાઓ અમારી પાસેથી મળે છે. અમારી પાસે મળતી માળાઓ સાચી રૂદ્રાક્ષની નથી એમ સાબીત કરનારને રૂ. ૧૦—૦—૦ ઇનામના મળશે.

અમારા દિવ્ય પ્રયોગથી મટાડવામાં આવતા હિસ્ટીરીઆના રોગો. રૂ. ૧૦—૦—૦ ઇનામ.

તમે આખી સૃષ્ટિમાં ફરી આવો અને તમારો હીસ્ટીરીઆનો રોગ મટાડનાર કોઈ ન મળે તો પછી છેવટે અમારી પાસે આવજો. જો તમે એમ સાબીત કરી આપશો કે હીસ્ટીરીઆનો રોગ અમારા પ્રયોગથી મટતો નથી તો અમે તમને રૂ. ૧૦—૦—૦ ઇનામના આપીશું. મહીનામાં ચાર કે પાંચ કરતાં વધુ દરદીઓ ઉપર પ્રયોગ થઈ શકતો નથી. ગાંડપણ, ક્ષય, દમ વિગેરે રોગો પણ અમારા પ્રયોગથી મટાડી શકાય છે. વિશેષ માહીતી માટે રૂ. ૦—૦—૬ ની ટીકીટ બીડીને ખુલાસો મંગાવો.